પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

હર ઘર તિરંગા

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૫૪ | ૧૩ ઓગસ્ટ, ૨૦૨૨, શનિવાર; શ્રાવણ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# રાજયનો દરિયો તોફાને ચડ્યો

**ગુજરાતનો ૧૬૦૦ કિમી લાંબો દરિયો તોફાને ચડયો : લો પ્રેશર સર્જાતા પવનનાં સુસવાટા, કરંટ પણ દેખાયો : ગુજરાતમાં લો પ્રેશર સિસ્ટમ સક્રિય થતાં હવામાન વિભાગ દ્વારા વધુ 3 દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે**



અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં હાલ વરસાદની સિસ્ટમ સક્રિય છે તેમાં પણ વળી દરિયામાં ભરતીનો સમય હોવાથી દરિયો ગાડોતૂર બન્યો છે. રાજ્યનો ૧૬૦૦ કિલોમીટરનો દરિયો ગુજરાતીઓને ડરાવી રહ્યો છે. દરિયામાં ભારે કરંટના લીધે ૧૫ ફૂટ સુધી ઊંચાં મોજાં ઊછળી રહ્યાં છે. દરિયો તોફાની બનતાં માછીમારો સહિત દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોની ચિંતા વધી છે.

વલસાડના દરિયા કિનારે તોફાની માહોલ છે. દરિયાનાં પાણીએ અનેક જગ્યાએ કિનારા વટાવ્યા છે. તોફાની દરિયો અને ઝડપી પવનના કારણે દરિયા કિનારાનાં કેટલાંક ઘરને પણ નુકસાન પહોંચ્યું છે. ગામની શેરીઓ અને લોકોનાં ઘરમાં પણ દરિયાનાં પાણી ઘૂસ્યાં છે. દાંતી ગામમાં વરસાદ કે નદી નહીં, પરંતુ દરિયાનાં પાણીના કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે.

સંઘપ્રદેશ દમણના દરિયામાં પણ લો પ્રેશર સિસ્ટમની અસર જોવા મળી છે. એકમ બીજ અને ત્રીજની ભરતીના કારણે

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં રિટેલ મોંઘવારી દરમાં મોટો ઘટાડો નોંધાયો

**સામાન્ય જનતાને મોટી રાહત : ડેટા અનુસાર રિટેલ મોંઘવારીના ઘટવા પાછળનું મુખ્ય કારણ ખાવાની વસ્તુઓની કિંમતમાં થયેલો ઘટાડો છે**

નવી દિલ્હી, તા.૧૨

વધતી મોંઘવારી વચ્ચે સામાન્ય જનતાને મોટી રાહત મળી છે. જુલાઈમાં દેશમાં રિટેલ મોંઘવારી દર ઘટીને ૬.૭૧ ટાક પર પહોંચી ગયો છે. તમને જણાવી દઈએ કે, ૫ મહિનામાં રિટેલ મોંઘવારી દર સૌથી નીચા સ્તર પર છે.

આ પહેલા જૂનમાં રિટેલ મોંઘવારી ૭.૦૧ ટકા પર હતી. સરકારે શુક્રવારના આ ડેટા જાહેર કર્યા છે. આ ડેટા અનુસાર રિટેલ મોંઘવારીના ઘટવા પાછળ મુખ્ય કારણ ખાવાની વસ્તુઓની કિંમતમાં ઘટાડો છે. ગત વર્ષ એટલે કે જુલાઈ ૨૦૨૧ માં રિટેલ મોંઘવારી દર ૫.૫૯ ટકા પર રહ્યો હતો.

સરકાર તરફથી જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર, જુલાઈ ૨૦૨૨ માં ખાદ્ય મોંઘવારી ઘટીને ૬.૭૫ ટકા પર પહોંચી ગઈ છે. જૂન ૨૦૨૨ માં તે આંકડો ૭.૭૫ ટકા હતો. જોકે, આરબીઆઈના અનુમાનથી હજુ પણ આ વધારે છે, પરંતુ આ ઘટાડાએ મોંઘવારીના મોરચા પર થોડી રાહત જરૂર આપી છે.

ઉલ્લેખનીય છે કે, કંઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ એટલે કે સીપીઆઈ સામાન અને સેવાઓની રિટેલ કિંમતમાં ફેરફારને ટ્રેક કરે છે. જેને પરિવાર પોતાના દરરોજના ઉપયોગ માટે ખરીદે છે. મોંઘવારીને માપવા માટે તેને યુઝ કરે છે. આના પરથી અંદાજ મળે છે કે ગત વર્ષના સમાન સમયગાળા દરમિયાન



ઍમાં કેટલી ટકાવારીમાં વધારો થયો છે. આરબીઆઈ અર્થવ્યવસ્થામાં કિંમતોમાં સ્થિરતા રાખવા માટે આ આંકડા પર નજર રાખે છે. સીપીઆઈમાં એક વિશેષ કોમોડિટી માટે રિટેલ કિંમતોને જોવામાં આવે છે. તેને ગ્રામિણ, શહેરી અને આખા ભારતના સ્તર પર જોવામાં આવે છે. જો ટેક્નિકલ ભાષામાં સમજીએ તો એક સમયગાળોમાં અંદર પ્રાઈઝ ઈન્ડેક્સમાં ફેરફારને સીપીઆઈ આધારિત મોંઘવારી અથવા રિટેલ મોંઘવારી કહેવામાં આવે છે.

# શશી થરૂરને ફ્રાન્સનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર

**કોંગ્રેસ નેતા શશી થરૂરને ફ્રાન્સના સર્વોચ્ચ નાગરિક સન્માન શેવેલિયર ડી લા લીજન ડી ઓનરથી સન્માનિત કરાશે**

નવી દિલ્હી, તા.૧૨

ભારતમાં ફ્રાંસના રાજદૂત ઈમેન્યુઅલ લેનને માહિતી આપી હતી કે, કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને તિરુવનંતપુરમ લોકસભા સીટના સાંસદ શશિ થરૂરને ફ્રાન્સની સરકાર તેના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરશે.

શશિ થરૂરને ફ્રાન્સના સર્વોચ્ચ નાગરિક સન્માન 'શેવેલિયર ડી લા લીજન ડી ઓનર'થી સન્માનિત કરવામાં આવશે. આ એવોર્ડ શશિ થરૂરને તેમના લેખન અને ભાષણો માટે આપવામાં આવી રહ્યો છે. જેને લઈ હવે પાર્ટીના અનેક નેતાઓએ તેમને આ પ્રતિષ્ઠિત સન્માન માટે અભિનંદન પાઠવી રહ્યાં છે. આ તરફ શશિ થરૂરે કહ્યું હતું કે, ફ્રાંસ સાથે અમારા સંબંધોને વળગી રહેનાર, ભાષાને પ્રેમ કરનાર અને સંસ્કૃતિની પ્રશંસા કરનાર વ્યક્તિના રૂપમાં હું સન્માનિત છુ, આ સન્માન ના લાયક સમજવા માટે હું એ લોકોનો આભારી છું.

શશિ થરૂરને અભિનંદન આપતાં લોકસભામાં વિપક્ષના નેતા અધીર રંજન ચૌધરીએ કહ્યું, "હું એ જાણીને ખૂબ જ ઉત્સાહિત છું કે, થરૂરને તેમની અસાધારણ વિદ્વતા અને જ્ઞાન માટે ફ્રાન્સના સર્વોચ્ચ નાગરિક સન્માનથી નવાજવામાં આવી રહ્યા છે.

કોંગ્રેસ નેતા શશિ થરૂર ઈતિહાસ, ફિલસૂફી અને આંતરરાષ્ટ્રીય રાજકારણ પર સારી પકડ છે. કેરળની તિરુવનંતપુરમ લોકસભા બેઠકના સાંસદ થરૂરે ૨૩ વર્ષથી સંયુક્ત રાષ્ટ્રમાં રાજદ્વારી તરીકે કામ કર્યું છે. તેઓ ઘણા અનેક કાલ્પનિક અને નોન-ફિક્શન પુસ્તકો સાથે જાણીતા લેખક પણ છે.

# ૬૦ લાખ કરોડનું દેવું છતાં રાજ્યો દ્વારા મફતની સુવિધાની લહાણી

**યુપી, મહારાષ્ટ્ર પર અનુક્રમે ૬.૬૨ લાખ કરોડ ૫.૩૬ લાખનું દેવું છે, આ બંને રાજ્યો દેવાની રીતે ટોચ પર છે**

નવી દિલ્હી, તા.૧૨

ચૂંટણી જીતવા માટે રાજકીય પક્ષો મફતમાં વિવિધ લાભો આપવા માટેના વાયદા કરતા હોય છે અને સત્તા પર ટકી રહેવા માટે આ પ્રકારની લ્હાણી પણ કરતા હોય છે.

આ મામલો પહેલેથી જ સુપ્રીમ કોર્ટમાં છે અને તેને લઈને દેશમાં ચર્ચા પણ ચાલી રહી છે. પીએમ મોદીએ આ પ્રકારે થતી લ્હાણીઓને રેવડી કલ્ચર નામ આપ્યા બાદ ભાજપ અને વિપક્ષો વચ્ચે તેને લઈને તડાફડી પણ થઈ રહી છે. હવે સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલી એક જાહેર હિતની અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે, રાજ્યો પર ૩૧ માર્ચ,૨૦૨૧ના આંકડા પ્રમાણે લગભગ ૬૦ લાખ કરોડ રૂપિયાનુ દેવુ છે અને બીજી તરફ રાજયો દ્વારા મફતમાં વિવિધ સુવિધાઓ આપવાની જાહેરાતો કરાઈ રહી છે.

અશ્વિની ઉપાધ્યાયે દાખલ કરેલી પિટિશનમાં કહેવામાં આવ્યુ છે કે યુપી અને મહારાષ્ટ્ર પર અનુક્રમે ૬.૬૨ લાખ કરોડ રૂપિયા અને ૫.૩૬ લાખ કરોડ રૂપિયા દેવુ છે. આ બંને રાજ્યો દેવાની રીતે ટોચ પર છે.

જ્યારે પંજાબ પર ૨.૪૯ લાખ કરોડ રૂપિયાનુ દેવુ છે. દેવુ અને તેની સામે જીડીપીના રેશિયોની રીતે જોવામાં આવે તો પંજાબની સ્થિતિ સૌથી ખરાબ છે.

આ પિટિશનમાં કહેવામાં આવ્યુ છે કે, જે રાજકીય પક્ષો ચૂંટણી પ્રચારમાં મફતના વાયદા કરે છે તેમના ચૂંટણી પ્રતિકો પર ચૂંટણી પંચ દ્વારા રોક લગાવવાની ફરજ પાડવામાં આવે અને તેમનુ રજિસ્ટ્રેશન પણ રદ કરવામાં આવે.

આ પહેલા પણ કોર્ટે સંકેત આપ્યો હતો કે, મફતના વાયદાઓને રોકવા માટે સુપ્રીમ કોર્ટે સરકારને કેટલાક સૂચન આપી શકે છે.

# ૨૦૦૦ કારતુસ સહિત હથિયારો-દારૂગોળાની દાણચોરીમાં છ ઝડપાયા

**દેશના સ્વતંત્રતા દિવસ પહેલાં આતંકી ષડયંત્રનો પર્દાફાશ : ૨ બેગ કારતુસ સાથે ધરપકડ, તેમની પાસેથી ૨૦૦૦ જીવતા કારતુસ સહિત મોટી માત્રામાં દારૂગોળો મળ્યો**

નવી દિલ્હી, તા.૧૨

સ્વતંત્રતા દિવસ પહેલા દિલ્હી પોલીસે એક મોટા ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું છે. પોલીસે હથિયારો અને દારૂગોળાની દાણચોરીમાં સંડોવણી બદલ ૬ લોકોની ધરપકડ કરી છે. તેમની પાસેથી ૨૦૦૦ જીવતા કારતુસ સહિત મોટી માત્રામાં દારૂગોળાઓ મળી આવ્યા છે. આરોપીઓની દિલ્હીના આનંદ વિહારમાંથી ૨ બેગ કારતુસ સાથે ધરપકડ કરવામાં આવી છે. પોલીસનું કહેવું છે કે, કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ ચાલુ છે.



૧૫ ઓગસ્ટને ધ્યાનમાં રાખીને રાજધાનીમાં સુરક્ષા સઘન કરવામાં આવી છે. આ કાર્યવાહી એવા સમયે કરવામાં આવી છે જ્યારે દેશમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. પોલીસે પેટ્રોલિંગ અને વાહનોનું ચેકિંગ પણ સઘન બનાવ્યું છે. પોલીસનું કહેવું છે કે, મેટ્રો સ્ટેશન, રેલ્વે સ્ટેશન, એરપોર્ટ અને બજારો સહિત દિલ્હીના તમામ સંવેદનશીલ સ્થળોએ આકરી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, હોટેલ, પાર્કિંગ અને રેસ્ટોરન્ટની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે અને ભાડૂતો અને નોકરોની ચકાસણી કરવામાં આવી રહી છે. વિશેષ પોલીસ કમિશનર (કાયદો અને વ્યવસ્થા) દીપેન્દ્ર પાઠકે જણાવ્યું હતું કે, સ્વતંત્રતા દિવસના અવસરે લાલ કિલ્લા અને સ્થળ તરફ જતા માર્ગો પર વિવિધ ભૂમિકામાં ૧૦,૦૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. અમે આકરી અને ફૂલપ્રૂફ સુરક્ષા વ્યવસ્થા કરી છે. ઈન્ટેલિજન્સ એજન્સીઓએ દિલ્હીમાં આતંકી હુમલાને લઈને એલર્ટ જાહેર કર્યું છે. એજન્સીઓ અનુસાર, આતંકવાદી સંગઠનો દિલ્હીમાં આતંક મચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ૧૫ ઓગસ્ટે ઍએ દિલ્હી પોલીસને એલર્ટ રહેવાનો નિર્દેશ આપ્યો છે. ૧૦ પાનાના ઈન્ટેલિજન્સ રિપોર્ટમાં લશ્કર-એ-તૈયબા, જૈશ જેવા આતંકી સંગઠનોના ષડયંત્રની જાણકારી આપવામાં આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, આઈએસઆઈ તેમને લોજિસ્ટિક મદદ આપીને રાજધાનીમાં બ્લાસ્ટ કરવા માગે છે.

# કોમેડિયન રાજુ શ્રીવાસ્તવની તબિયત અત્યંત નાજુક

**ડોક્ટર્સની ટીમની સ્થિતિ પર નજર : પુત્રી અંતરા શ્રીવાસ્તવે તબિયત અંગે માહિતી આપી, એઈમ્સમાં આઈસીયુમાં**

નવી દિલ્હી, તા.૧૨

સ્ટેન્ડ અપ કોમેડિયન અને એકટર રાજુ શ્રીવાસ્તવની હાલતમાં કોઈ સુધારો જોવા મળ્યો નથી. રાજુ હજુ પણ એઈમ્સના આસીયુમાં દાખલ છે. હાલમાં જ તેમની પુત્રી અંતરા શ્રીવાસ્તવે તેમની તબિયત અંગે જણાવતા કહ્યું હતું કે, તેમની તબિયતમાં કોઈ ખાસ સુધારો જોવા મળ્યો નથી. મેડિકલ ટીમ પોતાનું સર્વશ્રેષ્ઠ આપી રહી છે. અમે તેમની તબિયતમાં સુધારો જોવા મળે અને ઝડપી સ્વસ્થ થવા માટે સતત પ્રાર્થના કરી રહ્યા છીએ. હાલમાં દેખરેખ કરવા માટે માતા પિતા સાથે આઈસીયુમાં છે.

# રાજકીય અસ્થિરતા વચ્ચે બ્રિટનનું અર્થતંત્ર પણ મંદીના ભરડામાં

**બીજા ત્રિમાસિક ગાળામાં બ્રિટનની અર્થવ્યવસ્થા સંકોચાઈ**

લંડન, તા.૧૨

વૈશ્વિક મોંઘવારીની વચ્ચે રશિયા-યુક્રેન યુદ્ધને કારણે બ્રિટનનું અર્થતંત્ર પણ મંદીના ભરડામાં ધકેલાયું છે. સત્તાવાર આંકડા અનુસાર બીજા ત્રિમાસિકગાળામાં બ્રિટનની અર્થવ્યવસ્થા સંકોચાઈ હતી. રાજકીય અસ્થિરતા વચ્ચે દેશનું અર્થતંત્ર પણ હવે ઝોલા ખાઈ રહ્યું છે. શુક્રવારે જાહેર થયેલ બીજા ત્રિમાસિકગાળાના વૃદ્ધિદરના આંકડા અનુસાર બ્રિટનનો જીડીપી દર પ્રથમ કવાર્ટરના ૦.૮ ટકાના વધારાની સામે એપ્રિલ-જૂન સમયગાળામાં ૦.૧ ટકા ઘટ્યો હતો. ઓફિસ ફોર નેશનલ સ્ટેટિસ્ટિક્સે આ આંકડા જાહેર કર્યા હતા.






# આતંકીઓએ બાંદીપોરામાં મજૂરની ગોળી મારી હત્યા કરી

**જમ્મુ-કાશ્મીરથી ફરીથી ટાર્ગેટ કિલિંગ શરૂ**

શ્રીનગર, તા.૧૨

જમ્મુ અને કાશ્મીરના બાંદીપોરા ખાતે આતંકવાદીઓએ ગુરૂવાર-શુક્રવારની મધ્ય રાત્રિએ એક બિન-કાશ્મીરીની ગોળી મારીને હત્યા કરી હતી. મૃતક પરપ્રાંતિય મજૂર હતો જે બિહારના મધેપુરા જિલ્લાનો રહેવાસી હતો. તેની ઓળખ મોહમ્મદ અમરેજ (૧૯ વર્ષ) તરીકે થઈ છે. ગોળી વાગ્યા બાદ અમરેજ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

કાશ્મીર ઝોન પોલીસે ટ્વિટ કરીને આ ઘટનાની જાણકારી આપી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે, મધ્ય રાત્રિ દરમિયાન આતંકવાદીઓએ બાંદીપોરાના સોદનારા સુમ્બલ ખાતે ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં એક બહારનો મજૂર ઘાયલ થયો હતો અને તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં તેનું મોત નીપજ્યું હતું. મૃતકની ઓળખ બિહારના પ્રવાસી મજૂર મોહમ્મદ અમરેજ તરીકે થઈ છે. તેમના પિતાનું નામ મોહમ્મદ જલીલ છે.

ટાર્ગેટ કિલિંગનો આ મામલો રાજૌરીમાં આર્મી કેમ્પમાં આતંકીઓની ઘૂસણખોરીના નિષ્ફળ પ્રયાસના ૨૪ કલાકની સામે આવ્યો છે.


પ્રથમ માસિક પૂણ્યતિથિએ અશ્રુભિની

**શ્રધ્ધાંજલી**



**સ્વ.અતુલ સતિષચંદ્ર બક્ષી**

સ્વ.તા.૧૩-૦૭-૨૦૨૨

આપની ખોટ કદીએ પુરાશે નહીં, આપનો પ્રેમાળ સ્વભાવ, પરોપકારીવૃત્તિ, કૌટુંબિક ભાવના અને પરિશ્રમની સુવાસ સદા મહેકતી રહેશે. પરમાત્મા આપના આત્માને સુખ શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના...

હિતેન્દ્ર સેઈલર | ચૈતાલી સેઈલર
ભાનુ સેઈલર | નિયંતા સેઈલર



દુઃખદ અવસાન



**સ્વ. શીલા એસ. મલિક**

સ્વ. તા. : ૧૧-૦૮-૨૦૨૨, ગુરૂવાર

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ।।

મારા ધર્મપત્ની અ.સૌ. શીલાબેન એસ. મલિકનું દુઃખદ અવસાન તા. ૧૧-૦૮-૨૦૨૨ને ગુરૂવારના રોજ થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સદ્ગતનું બેસણું
તા. ૧૪-૦૮-૨૦૨૨, રવિવાર
સમય : સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ કલાકે
સ્થળ : સ્વામિનારાયણ મંદિર, સેક્ટર-૨, ગાંધીનગર.

લી.
એસ.ડી.આર.મલિક
Mo. : 9662785828

સપના સંદીપ બત્રા
Mo. : 9601865521

નીરજ એસ. મલિક
ચાંદની નીરજ મલિક
Mo. : 9974754477, 7226844892

પૂજા, રીયા, સંજના, મીહિર, ક્રિશ.